No. of Printed Pages : 5

**FGT-01**

**BDP / BCA / BTS**

**Term-End Examination**

**February, 2021**

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

---

*આ પ્રશ્નપત્રમાં કુલ **આઠ (8)** પ્રશ્નો આપવામાં આવ્યા છે. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના છે.*

---

**1.** નીચેના પૈકી ગમે તે ***એક*** વિષય પર નિબંધ લખો. *8*

(a) મારું પ્રિય પુસ્તક

(b) જી.એસ.ટી.ના લાભાલાભ

(c) ભારતમાં બેરોજગારી

(d) યૌવન વીંઝે પાંખ

**2.** નીચેના પૈકી કોઈ પણ ***ચાર*** પ્રશ્નોના જવાબ આપો. *8*

(a) લેખકે ગુલબ્બોને કેવી રીતે ઓળખી ?

(b) અનુનાસિક ધ્વનિઓનું નિર્માણ કેવી રીતે થાય છે ?

(c) ગાંધીજીએ શા માટે દાંડીકૂચનો કાર્યક્રમ હાથ ધર્યો ? આ કાર્યક્રમથી શો લાભ થયો ?

(d) ચાર આર્યભાવનાઓ કઈ ? તેની કઈ વિશેષતા લેખક ગણાવે છે ?

(e) કડલાં વેચવા માટે રૂપા ખાંટને મોકલવાનું કેતીએ શા માટે ન સ્વીકાર્યું ?

(f) વિવિધ ભારતીય ભાષાઓ જાણવી-શીખવી એ એક મહત્ત્વનું રાષ્ટ્રીય કર્તવ્ય છે તેમ લેખક શાથી કહે છે ?

**3.** (a) નીચેનાં વિધાનોમાંથી ખરાં (√) અને ખોટાં (×) પારખી, ખોટાં વિધાનોને સુધારો. *4*

(i) જગતમાં કોઈ અનિવાર્ય એવી વિવિધતા છે જ નહી. બધી વિવિધતાઓ નિવારી શકાય એવી હોય છે.

(ii) સંવિધાને માન્ય કરેલી અઢાર ભાષાઓ આપણી 'રાષ્ટ્રીય' ભાષાઓ છે.

(iii) વાર્તા-નાયિકા પોતાના અક્ષર સુધારવા તથા પોતાના પતિનો અભ્યાસ આગળ વધી શકે એ માટે બહારગામ જતી હતી.

(iv) મોટી ઉંમરને કારણે મહારાજને કન્યા મળવામાં મુશ્કેલી હતી.

(b) નીચે 'છાતી' શબ્દ જેમાં આવતો હોય એવા રૂઢિપ્રયોગો અને સામે તેના અર્થો આડાઅવળા ક્રમમાં આપ્યા છે જે તે રૂઢિપ્રયોગનો અર્થ તેની સામે લખો. *4*

| અ | બ |
|---|---|
| (i) છાતીએ બાંધવું | (1) ગર્વ થવો |
| (ii) છાતી ઠોકીને કહેવું | (2) પાસે ને પાસે રાખવું |
| (iii) છાતી ચિરાઈ જવી | (3) વિશ્વાસપૂર્વક કહેવું |
| (iv) છાતી ફૂલવી | (4) દમામથી ચાલવું |
| | (5) ખૂબ દુ:ખ થવું |

**4.** નીચેના પૈકી ગમે તે *બે* વિશે ટૂંક નોંધ લખો. *6*

(a) નાગરિકતા મૂળભૂત હક્કો

(b) માનવશરીર – રાસાયણિક કારખાનું

(c) લોકશાહી ને ગ્રામપંચાયતો

**5.** નીચેના શબ્દોના સમાનાર્થી – પર્યાયવાચી શબ્દો આપો. *4*

(a) કમળ

(b) તલવાર

(c) પત્ની

(d) મોર

**6.** નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલા ખાનામાં ખરાની નિશાની કરીને દર્શાવો. *4*

(a) "હિન્દુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું પણ કામ નહીં કરનારને મળી રહે છે."

(i) નાયક

(ii) નાયિકા

(iii) મહારાજ

(b) "શેઠ હજો તો આવા મોટા ગજાના હજો !"

(i) રાજુ

(ii) કાળુ

(iii) કોદર

(c) "મારા અંગ પરથી તો સો મણ આબરૂનો ભાર હતો તે ગયો."

(i) પખો સોની

(ii) શકરી

(iii) હેતી

(d) "આપનો સમભાવ એ નો મહામૂલ્ય વસ્તુ છે."

(i) કલ્યાણકામ

(ii) સાવિત્રી

(iii) રાઈ

**7.** (a) પ્રજાના સંસ્કાર-જીવનમાં અનુવાદ શો ભાગ ભજવે છે ?

(b) ભાષામાં જોડણીનું શું મહત્ત્વ છે ? *6*

**8.** (a) ટાગોરે ભારતીય સંસ્કૃતિને તપોવનની સંસ્કૃતિ તરીકે શા માટે ઓળખાવી છે તે સમજાવો.

(b) "મૈત્રી પીગળી એટલે એણે કરુણાનું રૂપ ધારણ કર્યું" — આ કથન સ્પષ્ટ કરો.

(c) લોકોનો અવાજ રજૂ કરવાની ભાવના પત્રકારત્વમાં કઈ રીતે ઉતરી શકે ? *6*